Media Release

ત્વરિત જાહેરાત માટે

# પોતાના ડાઉનટાઉનનું પુનરુત્થાન કરવા સિટી ઓફ બ્રૅમ્પટન તેના સ્ટ્રીટસ્કેપિંગ (શહેરી માર્ગ રચના)ના વિકલ્પને આગળ વધારી રહ્યા છે.

બ્રૅમ્પટન, ઓન્ટારિયો (23 સપ્ટેમ્બર 2021) – સિટી ઓફ બ્રૅમ્પટન પોતાના ડાઉનટાઉનના પુનરુત્થાન માટે નોંધપાત્ર પગલાં લેવાનું ચાલુ રાખીને બ્રૅમ્પટન સીટી કાઉન્સિલે ગઈકાલે સિટીના ઇન્ટિગ્રેટેડ ડાઉનટાઉન પ્લાન (IDP)ના ભાગ તરીકે સ્ટ્રીટસ્કેપિંગ કામમાં $16.6 મિલિયનનું રોકાણ મંજૂર કર્યું હતું.

જ્યારે સિટી સ્થાનિક જરૂરિયાતો સંતોષવા માટે, અર્થતંત્રને ફરી ઊભું કરવા, રોજગાર વધારવા અને બ્રૅમ્પટનવાસીઓની જીવન ગુણવત્તા સુધારવા સ્થિતિસ્થાપક અને ગતિશીલ સમુદાયો બનાવી રહ્યા છે ત્યારે તેના જાહેર સ્થળો પર પુનર્વિચાર અને નવિનીકરણ કરીને ડાઉનટાઉન બ્રૅમ્પટનની કાયાપલટ થઈ રહી છે. રિજન ઓફ પીલના ડાઉનટાઉન ઇન્ફ્રાસ્ટ્રક્ચરના કામ સાથે સંપૂર્ણપણે સંકલન કરીને સિટી એવી સ્ટ્રીટસ્કેપિંગની પહેલો સાથે આગળ વધશે જેમાં સામેલ છે અત્યારના ફુટપાથને બદલીને સ્ટોન પેવરો નાખવા અને માર્ગોને રિસર્ફેસ કરવા તેમજ ક્વિન માર્ગ અને મેઇન સ્ટ્રીટની બન્ને બાજુંના ફુટપાથને પહોળા કરવા. આવું લગભગ $16.6 મિલિયનનું રોકાણ વાણિજિક પ્રવૃત્તિ, રાહદારીઓ અને સાઇકલ સવારો માટે ઉચ્ચ ગુણવત્તા ધરાવતી શહેરી જગ્યાઓ ઊભી કરશે અને ઇટોબિકોક અને ફ્લેચર ક્રીક વચ્ચે સક્રિય જોડાણ ઊભા કરશે જેથી ડાઉનટાઉનના હાર્દમાં એક ઉન્નત રાહદારી ક્ષેત્ર સર્જાશે.

IDPની મંજૂરીનાં પૂરક તરીકે કર્મચારીઓને ડાઉનટાઉન બ્રૅમ્પટન સ્ટ્રીટસ્કેપ મેન્યુઅલ વિકસાવવા જણાવવામાં આવ્યું છે જે ડાઉનટાઉન બ્રૅમ્પટનમાં રહેલા વિવિધ સ્થાનિક પરિસરોને જાણકારી આપશે.

ઉપરાંત, કર્મચારીઓ 8 અઠવાડિયાની અર્બન ડિઝાઇન એક્ટિવેશન સ્ટ્રેટેજી હાથ ધરશે જે ડાઉનટાઉનમાં લાંબા ગાળાના અને હંગામી શહેરી રચના સક્રિયકરણો માટેની વિકાસ તકોનું અધ્યયન કરશે. કામનો વ્યાપ નીચેની બાબતો સુધી મર્યાદિત નથી પરંતુ જેમાં સામેલ છે મેઇન સ્ટ્રીટથી ડાઉનટાઉનમાં પસાર થાય એવી સમર્પિત બાઇક લેન્સ, ઓન-સાઇડવૉક ખસેડી શકાય એવા ફુલઝાડ અને લેન્ડસ્કેપિંગના તત્ત્વો પ્રસ્થાપિત કરવા, અર્ધ માઉન્ટેબલ કર્બ્સ, ચાર રસ્તાઓ પર સ્ટ્રીટ પ્રિન્ટ્સ (એવું ફલક જ્યાં વિવિધ કલાકારો પોતાની કલા સાથે લોકસંપર્ક કરાવી શકે), અને માર્ગ શોધ સહાયક ચિહ્નો અને બાંધકામની અંદર વધારાના ડક્ટ્સ જે ભવિષ્યમાં ટેલિકમ્યુનિકેશન ફાઇબર ઓપ્ટિક્સને સમાવી શકે.

સિટી ઇજનેરી ડિઝાઇન તરત શરૂ કરી શકશે જેમાં તે ડિઝાઇન 2023ના પૂર્વાર્ધમાં પૂર્ણ થવાની અપેક્ષા રાખવામાં આવે છે. બ્રૅમ્પટનના ડાઉનટાઉન બિઝનેસ સમુદાયને COVID-19 મહામારીથી ભારે ફટકો પડ્યો છે, અને શહેર આવા વિક્ષેપો ઓછા કરવા અને તેમની આર્થિક રિકવરી ટેકો આપવા સમર્પિત છે.

ડાઉનટાઉન ગતિશીલતાને સહાય કરતી ટૂંકા ગાળાની વ્યુહરચનાઓ નિર્ધારિત કરવાનું પણ સિટી ચાલુ રાખે છે જે આગામી બે વર્ષોમાં લાગુ કરી શકાય. તેમની ગઈકાલની બેઠકમાં સમિતિએ એવા મ્યુરલ્સ સ્થાપવા માટે મંજૂરી આપી જેની દરખાસ્ત અને વિકાસ STEPS સાથેની સલાહમસલત બાદ કરવામાં આવી, જે સિટીની માલિકીના ડાઉનટાઉન બ્રૅમ્પટનના સ્ટોરફ્રન્ટ્સ પર અને સિટી તમજ પ્રદેશની માલિકીના

ક્વિન સ્ટ્રીટ ઈસ્ટ પર સ્થિત ટ્રાફિક કંટ્રોલ બોક્સ પર આકાર લેશે. બ્રૅમ્પ્ટન ખાતે કલા અને સંસ્કૃતિ અંગે વધુ માહિતી માટે અહીં મુલાકાત લો www.brampton.ca.

**ઈન્ટિગ્રેટેડ ડાઉનટાઉન પ્લાન વિષયક**

IDP એટલે કાર્યવાહીનો રોડમૅપ – ડાઉનટાઉન બ્રૅમ્પટનના અનેક ચાલી રહેલા ઉપક્રમો અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પરિયોજનાઓનું સંકલન. અપેક્ષા રાખવામાં આવે છે કે તેનાથી ભાવિ વિકાસ અને વ્યુહાત્મક નિવેશને 2051 સુધી દિશાનિર્દેશો સાંપડશે.

IDPના માર્ગદર્શક સિદ્ધાંતો છે સમાવેશિતા, નવાચાર એટલેકે ઇનોવેશન અને સ્થિરતા. તેનાથી ઈન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડ, શહેરી ડીઝાઇન, જમીનનો ઉપયોગ અને પ્રોગ્રામિંગ હસ્તક્ષેપોને સંકલિત કરવામાં મદદ મળશે - જેથી બ્રૅમ્પટન એક અગત્યનો આર્થિક ચાલક, પ્રાદેશિક સાંસ્કૃતિક કેન્દ્ર અને ઇનોવેશન ડિસ્ટ્રિક્ટ તરીકે ઉભરશે.

IDP પર વધુ માહિતી માટે અહીં મુલાકાત લો www.brampton.ca/IDP

**સુવાક્યો**

“અમે ડાઉનટાઉન બ્રૅમ્પટનની સંભાવનાઓને મુક્ત કરવી છે અને પુનરુત્થાન કરી રહ્યા છીએ, અને સિટીના ઈન્ટિગ્રેટેડ ડાઉનટાઉન પ્લાનના પ્રથમ ચરણના ભાગ તરીકે સ્ટ્રીટસ્કેપિંગ કાર્યવાહીમાં આ $16.6 મિલિયનના રોકાણને મંજૂર કરીને હવે અમે એવું ગુણવત્તા સભર શહેરી સ્થાન અને ડાઉનટાઉનના હાર્દમાં એક ઉન્નત રાહદારી ક્ષેત્રના સર્જન તરફ હજું એક ડગલું આગળ માંડી રહ્યા છીએ. હું તે જોવા ઉત્સુક છું કે આપણા રહેવાસીઓ, વ્યવસાયો અને મુલાકાતીઓ માટે ગતિશીલ અને સ્થિતિસ્થાપક સમાજ સાથે ડાઉનટાઉન બ્રૅમ્પટનની કાયાપલટ થવાનું કાર્ય ચાલતું રહે."

*- પૅટ્રિક બ્રાઉન, મેયર, સીટી ઓફ બ્રૅમ્પટન*

"અમારા ડાઉનટાઉન વ્યવસાયોને COVID-19 મહામારીને કારણે મોટો ફટકો પડ્યો છે અને અમે તેમના આર્થિક પુનરુત્થાનના પ્રવાસમાં તેમને અમારાથી શક્ય હોય એવી કોઈપણ રીતે મદદરૂપ થવા પ્રતિબદ્ધ છીએ. ડાઉનટાઉનને ટેકો આપતી ટૂંકા ગાળાની વ્યુહરચનાઓ સાથે આ સ્ટ્રીટસ્કેપિંગ પરિયોજના બ્રૅમ્પટનને આર્થિક ચાલક, પ્રાદેશિક સાંસ્કૃતિક કેન્દ્ર અને ઇનોવેશન ડિસ્ટ્રિક્ટ તરીકે સ્થાપિત કરવાનું કાર્ય કરશે. ઈન્ટિગ્રેટેડ ડાઉનટાઉન પ્લાનથી અમારા ડાઉનટાઉન, રહેવાસીઓ અને સ્થાનિક વ્યવસાયોને જે લાભ મળશે તે જોવા અમે ઉત્સુક છીએ."

*પૉલ વિસેન્ટ, રીજનલ કાઉન્સિલર , વૉર્ડ 1અને 5; પબ્લિક વર્ક્સ એન્ડ એન્જિનિયરિંગ, સિટી ઓફ બ્રૅમ્પટનના પ્રમુખ*

"સિટી ખાતે અમે આપના ડાઉનટાઉનના પુનરુત્થાન અને આપણા રહેવાસીઓ સારી રીતે રહી શકે, કામ કરી શકે અને આનંદમાં રહી શકે તે માટે પ્રતિબદ્ધ છીએ. અમારા ઈન્ટિગ્રેટેડ ડાઉનટાઉન પ્લાનના પ્રથમ ચરણને તેમજ જાહેર કલા સ્થાપનો જેવી પૂરક પહેલો અને અર્બન

ડિઝાઈન એક્ટિવેશન સ્ટ્રેટેજીને આગળ ધપાવીએ છીએ ત્યારે તેની સાથે અમે અમારા જાહેર સ્થાનો અંગે પુનર્વિચાર અને પુનર્નિર્માણ પણ કરી રહ્યા છીએ જેથી નવા રોજગાર ઊભા થાય, આર્થિક પુનઃપ્રાપ્તિ થઈ શકે અને અમારા રહેવાસીઓની જીવન ગુણવત્તામાં સુધારો થઈ શકે."

*- ડેવિડ બારિક, ચીફ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર, સિટી ઓફ બ્રૅમ્પટન*

"ડાઉનટાઉન બ્રૅમ્પટન માટે અતિ આવશ્યક બની ગયેલ પુનરુત્થાન અંગેના સ્ટાફ પ્લાન અને અંદાજો સાંભળીને ડાઉનટાઉન બ્રૅમ્પટન BIA વતી અમે આનંદની લાગણી વ્યક્ત કરીએ છીએ. અમને વિશ્વાસ છે કે અમારા શહેરી વિકાસ ને શહેરી ડિઝાઈનના વિશેષજ્ઞો આ સંપૂર્ણ પુનરુત્થાન યોજનાને આળ વધારશે જે ગઈકાલે કમિટી ઓફ કાઉન્સિલમાં રજૂ કરવામાં આવી."

*- કેરી પરસિવલ (Carrie Percival), પ્રમુખ, ડાઉનટાઉન બ્રૅમ્પટન BIA*

" ડાઉનટાઉન બ્રૅમ્પટન BIA કાઉન્સિલનો સિટી ઓફ બ્રૅમ્પટન માટેના આ રોકાણમાં તેમજ ઉભરતા ડાઉનટાઉન બ્રૅમ્પટન કલ્ચરલ હબ અને ઈનોવેશન ડિસ્ટ્રિક્ટ અંગેના તેમના નેતૃત્વ માટે આભાર વ્યક્ત કરે છે જે ડાઉનટાઉનમાં રહેલ સંભાવનાઓને ખરા અર્થમાં પ્રજ્વલિત કરવાની શરૂઆત ગણી શકાય.

*- સુઝી ગોડફ્રોય, એક્ઝિક્યુટિવ ડિરેક્ટર, ડાઉનટાઉન બ્રૅમ્પટન BIA*

-30-

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 7,00,000 લોકો વસે છે અને તેમાં 75,000 વ્યવસાયો છે.** અમે જે કઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca.

**મિડિયા સંપર્ક** :
મોનિકા દુગ્ગલ (Monika Duggal)
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી એંગેજમેન્ટ
વ્યૂહાત્મક સંવાદ
સીટી ઓફ બ્રૅમ્પટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca